

# આહ્વાન


**A Monthly Bulletin of Shahpur Methodist Church**

Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.
Email : revrajuparmar@gmail.com Visit us at : www.shahpurmethodistchurch.com
Pastor : Rev. Raju N. Parmar - (M) 8238260259

વર્ષ - ૫૪ ડિસેમ્બર - ૨૦૨૫ પત્ર - ૧૪૮


## નાતાલ

ખ્રિસ્તમાં વ્હાલા ભાઈઓ અને બહેનો,
પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં પ્રેમી સલામ.

ઈશ્વરપિતાની અદ્‌ભુત કૃપામાં વર્ષ ૨૦૨૫ના ડિસેમ્બર માસમાં આપણ સર્વને દોરી લાવ્યા છે. ઈશ્વર પિતાએ આપણ સર્વને તેમની દયા, ભલાઈ, રક્ષણ અને સલામતી પૂરી પાડી છે, માટે અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ. ઈશ્વરપિતા તેમની અસીમ કૃપામાં ખ્રિસ્તજયંતી એટલે નાતાલ પર્વમાં આપણ સર્વને દોરી લાવ્યા છે. નાતાલ એટલે ઉત્સાહ, ઉમંગ અને ઉલ્લાસનું પર્વ, નાતાલનું પર્વ આવતાં જ આપણે આનંદિત અને પ્રફુલ્લિત બની જઈએ છીએ. ડિસેમ્બર માસ શરૂ થતા જ કુટુંબોમાં નાતાલની તૈયારીઓ શરૂ થઈ જાય છે, ઘરને કલર કરવો, ડેકોરેશન કરવું, કપડાની પસંદગી, મિષ્ટાન બનાવવાની તૈયારીઓ, રોશની કરવી, ઉત્સાહથી આ કાર્યમાં આપણે પરોવાઈએ છીએ. એક અનેરો અને આહ્‌લાદક આનંદનો અનુભવ કરીએ છીએ. કેરલ્સ, તારા મઢી ઘરો, રોશનીનો ઝગમગાટ, ગભાણ બનાવવી, રેલી-સરઘસ કાઢવું, સ્તુતિ-આરાધના, ગરબા, સ્કીટ, સાંસ્કૃતિક કાર્યક્રમ કરવા વગેરે રીતે નાતાલનો આનંદ માણીએ છીએ અને વહેંચીએ છીએ.

નાતાલનું સત્ય એ છે કે આપણી નિરાશા, હતાશા અને જીવનની વિકટ પરિસ્થિતિમાં પણ ઈશ્વર આપણી સાથે છે. માથ્થી ૧:૨૩. જુઓ, કુંવારી ગર્ભવતી થશે, ને તેને દીકરો થશે, અને તેનું નામ તેઓ ઈમાનુએલ પાડશે. જેનો અર્થ એ છે કે દેવ આપણી સાથે. યશાયા પ્રબોધક દ્વારા ભવિષ્યવચન કહેવામાં આવ્યું હતું. યશાયા ૭:૧૪, તે માટે પ્રભુ પોતે તમને ચિન્હ આપશે, જુઓ કુવારી ગર્ભવતી થઈને પુત્ર જણશે, અને તેનું નામ તે ઈમાનુએલ પાડશે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત અંધકારમાં પ્રકાશ બનીને આવ્યા અને જગતમાં અજવાળું પૂરું પાડ્યું, જેથી તેમના અજવાળામાં લોકો ચાલી શકે, પ્રભુ ઈસુએ માનવદેહ ધારણ કરીને આ પૃથ્વી પર જન્મ લીધો. રાજાઓના રાજા અને પ્રભુઓના પ્રભુ અને સૃષ્ટિ સૃજનારે માનવજાતિને પાપોમાંથી છુટકારો મળે, બચાવ થાય, ઉદ્ધાર પામે, માટે માનવ દેહધારણ કરી જન્મ લીધો. માથ્થી ૧:૨૧ અને તેને દીકરો થશે ને તેનું નામ ઈસુ પાડશે. કેમ કે જે પોતાના લોકોને તેઓના પાપથી તારશે તે એ જ છે.

નાતાલ એટલે આશા, આનંદ, શાંતિ અને પ્રેમનું પર્વ છે. નાતાલ આપણને નવી તાજગી અને અનેરા આનંદની અનુભૂતિ કરાવે છે. એડવેન્ટ સીજન એટલે ખ્રિસ્ત આગમનનું પર્વ આપણને આશા, આનંદ, શાંતિ અને પ્રેમથી ભરી દે છે.

આશા : યશાયા ૯:૨, અંધકારમાં ચાલનારા લોકોએ મહાન પ્રકાશ જોયો છે. મરણછાયાનાં દેશમાં વસનારા પર અજવાળું પ્રકાશ્યું છે. ઈસ્રાએલી પ્રજા અંધકારમાં હતી, એમ આપણા જીવનો અંધકારમાં હોય, દુઃખ કે તકલીફમાં હોય પ્રભુ ઈસુનું આગમન આપણને એક નવી આશા આપે છે. જેમ ઈશ્વર ઈસ્રાએલી પ્રજાને માટે અંધકારમાં પ્રકાશ બનીને આવ્યા તેમ પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં આપણને એક નવી આશા મળે છે.

આનંદ : લૂક ૨:૧૦ દૂતે તેઓને કહ્યું બીહો મા, કેમ કે જુઓ, હું મોટા આનંદની સુવાર્તા તમને કહું છું, અને તે સર્વ લોકોને માટે થશે. આપણે જીવનમાં મુશ્કેલીઓ, નિરાશા અને હતાશામાં હોઈએ છીએ. જેમ ભરવાડોને દૂતો દ્વારા મોટા આનંદના સમાચાર આપવામાં આવ્યા કે આજે તમારે સારું એક તારનાર એટલે ખ્રિસ્ત પ્રભુ જન્મ્યા છે, પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણા તારનાર છે માટે જગતમાં બીજી કોઈ બાબતો કરતાં ખ્રિસ્તમાં આપણને વધારે આનંદ મળે છે.

શાંતિ : યશાયા ૫૨:૭ જે વધામણી લાવે છે જે શાંતિની વાત સંભળાવે છે, જે કલ્યાણની વધામણી લાવે છે, જે તારણની વાત સંભળાવે છે, જે સિયોનને કહે છે કે, તારો ઈશ્વર રાજ કરે છે. તેના પગ પર્વત પર કેવા શોભાયમાન છે તે સમયના લોકો અશાંતિ અને મૂંઝવણમાં હતા. પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણ સર્વને માટે શાંતિના સરદાર બનીને આવ્યા. પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં આપણે શાંતિનો અનુભવ કરી શકીએ છીએ.

પ્રેમ : યોહાન ૩:૧૬ કેમ કે દેવે જગત પર એટલી પ્રીતિ કરી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ સારું કે જે કોઈ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય પણ તે અનંતજીવન પામે. નાતાલમાં ઈશ્વરનો અનુપમ પ્રેમ સમાયેલો છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તે વધસ્તંભ પર નિષ્પાપ બલિદાન આપ્યું તે દ્વારા માનવજાતને પાપોની માફી મળે છે, માનવજાતના પાપનું નિવારણ થાય માટે ઈશ્વરપિતાએ પોતાના એકાકીજનિત દીકરાની ભેટ આપી.

પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણને નવી આશા આપે છે, આપણા જીવનોને તેમના પ્રેમ, આનંદ અને શાંતિથી ભરી દે છે. આ નાતાલનું પર્વ આપણા સર્વને માટે અજાયબ, આશીર્વાદિત અને અજવાળું લાવનાર બની રહો. આમેન.

### પાળક દ્વારા મળેલા બર્થ ડે અને આભારસ્તુતિના દાનો

| | | | | | |
|---|---|---|---|---|---|
| સુનિલભાઈ એસ. ખ્રિસ્તી | ૫૦૦ | શેલ્ડન વી. ક્રિસ્ટી | ૧૦૦૦ | નિલેશભાઈ એસ. ક્રિશ્ચિયન | ૧૦૦૦ |
| સાલીન એસ. ગામડીયા | ૫૦૦ | પ્રશાંતભાઈ કે.ક્રિશ્ચિયન | ૫૦૦ | મોનિકાબેન ઓ. પેટ્રીક | ૩૦૦ |
| લીનાબેન એસ. માસ્ટર | ૫૦૦ | વિસ્લન એ.પરીખ | ૧૦૦૦ | પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયન | ૫૦૦ |
| જોસ્ફીનબેન કે.વાઘેલા | ૨૦૦ | પરેશભાઈ બી. પરીખ | ૨૦૦ | મણીબેન વી. ગોહેલ | ૫૦૦ |
| રીનીશા પી. ક્રિશ્ચિયન | ૧૦,૦૦૦ | પાર્થન સુનિલભાઈ મેકવાન | ૧૦૦૦ | રોહિત ફ્રાન્સીસ | ૫૦૦ |
| (એજ્યુકેશન, મેડીકલ ફંડ) | | એનિકા આકાશ રાઠોડ | ૧૦૦૦ | રીટાબેન કીન | ૧૦૦૦ |
| | | ઈમાનુએલભાઈ એસ. ખ્રિસ્તી | ૨૦૦ | | |

## ગત માસનાં કાર્ય તરફ દ્રષ્ટિપાત : નવેમ્બર

- તા. ૨-૧૧-૨૦૨૫, ભજનસેવામાં લે-સન્ડે તરીકે ઉજવવામાં આવ્યો. કુ. સાલીન એસ. ગામડિયાએ ભજનસેવાનું લીડીંગ કર્યું હતું. પી.એસ.આઈ. શ્રી બેન્જામીન ક્રિશ્ચિયન સાહેબે વચનની સેવા આપી હતી. પાસ્ટર્સ એપ્રિસીએશન સન્ડેની પણ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં લે-લીડર શ્રી એન્થની ઈમાનુએલ દ્વારા પાળક કુટુંબનું પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ ઉત્તેજનદાયક શબ્દો કહ્યા હતા. ભજનસેવા બાદ લે-સમિતિના સભ્યો દ્વારા ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- તા. ૫-૧૧-૨૦૨૫, કુ. સાલીન એસ. ગામડીયાના જન્મ દિવસ નિમિત્તે સાણંદ તેમના નિવાસસ્થાને સંગતમાં મળ્યા હતા. કુટુંબ તરફથી હાજર સર્વની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.
- તા. ૯-૧૧-૨૦૨૫, મહિલા મંડળ સન્ડે તરીકે ઉજવવામાં આવ્યો હતો. શ્રીમતી અલ્પા આર. પરમારે લીડીંગ કર્યું હતું અને ડિસ્ટ્રીક્ટ ઈવેન્જલીસ્ટ શ્રીમતી શોભનાબેન મેકવાને વચનની સેવા આપી હતી. મહિલા મંડળ દ્વારા સર્વનો આવકાર કરવામાં આવ્યો હતો તથા ભજનસેવા બાદ સર્વને માટે ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી.
  ભજનસેવા બાદ ડિસ્ટ્રીક્ટ દ્વારા બેથાની જ્યુબિલી મેથોડિસ્ટ ચર્ચમાં કપલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આપણી મંડળીમાંથી પાંચ કપલે ભાગ લીધો હતો. ભાગ લેનાર સર્વને ફોટો ફ્રેમ આપવામાં આવી હતી.
- તા. ૧૨-૧૧-૨૦૨૫, દીકરી એનીકાની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે શ્રીમતી એનીબેન આકાશભાઈ દ્વારા સી.એન.આઈ. ચર્ચ હોલ બહેરામપુરામાં બર્થડેની મિટીંગ રાખવામાં આવી હતી. ડિ.સુ. રેવ. ઓગસ્ટીન ફેઈથ સાહેબે વચનની સેવા આપી હતી. કુટુંબ દ્વારા સર્વને માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- તા. ૧૬-૧૧-૨૦૨૫, કાર્મેલ મેથોડિસ્ટ ચર્ચ દ્વારા આયોજીત ક્વાયર મહોત્સવમાં આપણા ચર્ચના ક્વાયરે ભાગ લીધો હતો.
- તા. ૨૩-૧૧-૨૦૨૫, ભજનસેવામાં ડિ.સુ. રેવ. રેવ. ડૉ. ઈમાનુએલ કાન્ત સાહેબે વચનની સેવા આપી હતી. વિદાય પ્રસંગે સાહેબ અને બેન ઉપસ્થિત રહ્યા હતા. મંડળી તરફથી સન્ડે સ્કૂલ, એમ.વાય.એફ., મહિલા મંડળ, ક્વાયર તરફથી વિદાય આપવામાં આવી. ત્યારબાદ પાસ્ટોરેટ કમિટી સાથે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- તા. ૩૦-૧૧-૨૦૨૫, ડિસ્ટ્રીક્ટ દ્વારા પુલ્પીટ એક્ષચેન્જ સન્ડેની ભજન સેવાનું લીડીંગ શ્રીમતી અલ્પા પરમારે કર્યું હતું. અગાપે મેથોડિસ્ટ ચર્ચ રાણીપુરના પાળક રેવ. અરવિંદ ખ્રિસ્તી સાહેબે વચનની સેવા આપી હતી. કુટુંબ સાથે હાજર રહ્યા હતા. સ્થાનિક પાળક મેથોડિસ્ટ ચર્ચ, ગાંધીનગરમાં વચનની સેવા આપી હતી.
  ભજનસેવા બાદ મંડળી દ્વારા આયોજીત માથ્થીની સુવાર્તા આધારિત બાઈબલ ક્વીઝ લેવામાં આવી હતી. જેમાં મંડળીના ભાઈઓ અને બહેનોએ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. ભજનસેવા બાદ નાતાલની ઉજવણી પ્રસંગે શ્રી એન્થોનીભાઈ એ. ક્રિશ્ચિયન અને દીકરા એશરોન એ. પેટ્રીકના જન્મદિવસ નિમિત્તે બંને કુટુંબ તરફથી ભોજનની સ્પોન્સરશીપ આપવામાં આવી હતી, માટે બંને કુટુંબનો આભાર માનવામાં આવે છે.
  સાંજે અગાપે મેથોડિસ્ટ ચર્ચ એમ.વાય.એફ. આયોજીત ગાયન ટોળીના કાર્યક્રમમાં સ્થાનિક એમ.વાય.એફ.ના જુવાનો સાથે ભાગ લીધો હતો.

## નાણાંકીય અહેવાલ ઓક્ટોબર - ૨૦૨૫

| | | |
|---|---|---|
| તા.૦૧-૧૦-૨૫ ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૨૩૮૯૧-૦૦ |
| | બેંક | ૬૮૮૭૪૪-૫૯ |
| તા.૩૧-૧૦-૨૫ સુધીની | આવક | ૧૪૮૨૧૬-૦૦ |
| | કુલ | ૮૬૦૮૫૧-૫૯ |
| તા.૩૧-૧૦-૨૫ની બંધ સિલક | | |
| | રોકડ | ૯૮૧૮-૦૦ |
| | બેંક | ૬૯૦૩૭૫-૫૯ |
| તા.૩૧-૧૦-૨૫ સુધીનો | ખર્ચ | ૧૫૮૫૫૮-૦૦ |
| કેસ ડિપોઝીટ : એજ્યુ. એ. મિશનરી એ. | | ૨૧૦૦-૦૦ |
| | કુલ | ૮૬૦૮૫૧-૫૯ |

શ્રી શરદ જે. માસ્ટર, ટ્રેઝરર

## BIRTHDATE IN DECEMBER

| | |
|---|---|
| ૧/૧૨ | એન્થની એ. ક્રિશ્ચિયન |
| ૧/૧૨ | એશરોન એ. પેટ્રીક |
| ૧/૧૨ | ક્લેરાબેન જી. મેકવાન (U.S.A.) |
| ૨/૧૨ | અર્પણ અંકુર સોલોમન |
| ૩/૧૨ | કૃતિ નિરવ મહિડા (U.S.A.) |
| ૪/૧૨ | પ્રફુલત્તા ડી. ચૌહાણ |
| ૬/૧૨ | પ્રિયલ નલીન ક્રિશ્ચિયન |
| ૮/૧૨ | ડાયનાબેન એમ. ચૌહાણ |
| ૮/૧૨ | બિપીન બી. પરીખ |
| ૯/૧૨ | રીયાન ક્લેરેન્સ સોલંકી |
| ૧૦/૧૨ | સ્વીટી સુનિલ ભાટીયા |
| ૧૧/૧૨ | ક્રિસ્ટોફર એસ. ક્રિસ્ટી |
| ૧૧/૧૨ | શેષાન એચ. કુંજરાવીયા (U.S.A.) |
| ૧૩/૧૨ | કમળાબેન કે. સોલંકી |
| ૧૪/૧૨ | રીન્કીના એ. ઈમાનુએલ |
| ૧૪/૧૨ | વિક્ટોરીઆ કમલેશ મસિહી |
| ૧૮/૧૨ | પદ્મા સમીર ભાટિયા |
| ૨૨/૧૨ | જીલ વિશાલ ઠાકોર |
| ૨૨/૧૨ | જોય જે. મેકવાન |
| ૨૪/૧૨ | લવયાન્સ રોહિત ફ્રાન્સીસ |
| ૨૭/૧૨ | સુસ્મિતા એન. પરીખ |
| ૨૭/૧૨ | પ્રશાંત પી. પરીખ |
| ૨૮/૧૨ | કર્ટીસ રાજેશ ક્રિશ્ચિયન (U.S.A.) |
| ૩૦/૧૨ | શૈલેષભાઈ જે. માસ્ટર |
| ૩૧/૧૨ | ક્રિસ્ટન પી. ખ્રિસ્તી |




'પાળક કુટુંબ અને પાસ્ટોરેટ કમિટી તરફથી આપ સર્વને નાતાલ તથા નવા વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છાઓ સહ પ્રેમી સલામ'

**નાતાલનું નજરાણું :** નાતાલની ભજનસેવામાં નાતાલનું મારું નજરાણું તરીકે કવરમાં એક દિવસની આવકનું અર્પણ કરીએ.




આ બુલેટીન છાપવાનો તમામ ખર્ચ પ્રભુ પ્રેમી બેન દાતા તરફથી મળેલ છે.